(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**(FILE- C)**

**(શરૂ–૦૧:૧૫, પુર્ણ–૦૧:૫૩)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કેઃ–

| | |
|---|---|
| મારું નામઃ– મનસુખભાઈ | પિતા/પતિનું નામઃ– ઓઘડભાઈ પ્રજાપતી |
| | ઉ.વ.:– ૬૪ વર્ષ |
| ધંધોઃ– માર્કેટીગ યાર્ડમા વેપાર | સરનામુઃ–કુંભારપરા, પો.સ્ટે.ની બાજુમા, હળવદ,જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે આરોપી ધ્વારા સરતપાસ જાતે**

(૧) હું હળવદ માર્કેટયાર્ડમા ૧૪૩ નંબરની પ્રજાપતી ટ્રેડીગના નામથી દુકાન ધરાવુ છુ. હું હળવદ માર્કેટ યાર્ડમા છેલ્લા પંદર સત્તર વર્ષથી વેપાર કરુ છુ. અશોકભાઈ બાપોદરીયા હળવદ માર્કેટ યાર્ડમા અંશ એન્ટરપ્રાઈઝના નામથી પેઢી ચલાવતા હતા. ફેબ્રુઆરી–૨૦૧૭મા અશોકભાઈએ તેમની દુકાનનો નીચેનો ભાગ ગજલક્ષ્મી ટ્રેડર્સ ના પ્રોપરાઈટર નવીનભાઈ રાયચંદભાઈ ઠકકરને ભાડે આપેલ હતી. આ દુકાનના ભાડા કરારમા ઘ્રુવ નવીનભાઈ ઠકકર અને રાજુભાઈ પટેલને દુકાન ભાડે આપેલ નથી કે ભાડા કરારમા નામ નથી. અમોએ હળવદ પો.સ્ટે.મા તા.૧૬/૦૬/૨૦૧૮ના રોજ ફોજદારી ફરીયાદ નં.૫૩/૧૮ અશોકભાઈ બાપોદરીયા, નવીનભાઈ રાયચંદભાઈ ઠકકર, ધૃવ નવીનભાઈ ઠકકર અને રાજેશ કાંતીલાલ પટેલના વિરૂઘ્ધ અમે તથા હળવદ માર્કેટ યાર્ડના ૬૯ વેપારીઓના કુલ રૂા.૩,૬૧,૧૨,૫૯૮/– ની રકમનો માલ લઈ નાણા ન ચુકવવા બદલ ફરીયાદ કરેલ છે. ઉપરોકત ફરીયાદ મા અમે અશોકભાઈ બાપોદરીયા અને નવીનભાઈ ઠકકર, ધૃવ નવીનભાઈ ઠકકર અને રાજેશ કાંતીલાલ પટેલ પાસેથી રૂા.૨૩,૬૯,૫૧૭/–ની રકમ બાકી છે તેવુ જણાવેલ છે. અશોકભાઈએ તેમની પોતાની ચેકબુકમાંથી લખેલ ચેકો માર્કેટ યાર્ડમા જમા કરાવેલા, તેમાથી અમે અશોકભાઈનો ચેક મેળવી રૂા.૨૧,૬૮,૦૧૫/–ની રકમની ફોજદારી ફરીયાદ નં.૨૯૩/૨૦૧૮, અશોકભાઈ સામે દાખલ કરેલી જેમા નામ. હળવદ કોર્ટે અમારી

તરફેણમા હુકમ કરેલો અને નામ. મોરબી ડીસ્ટ્રીકટ કોર્ટમા ફોજદારી અપીલ નં.૫૯/૨૦૧૯, તા.૦૯/૧૨/૨૦૨૩ના રોજ અશોકભાઈ સાથે સમાધાન કરી અને અમને ૩૧ ટકા નાણા મળેલ છે. નવીનચંદ્રભાઈએ માર્કેટ યાર્ડની ઓફિસમા ગજ લક્ષ્મી ટ્રેડર્સના આપેલ ચેકની ફરીયાદ હળવદ કોર્ટમા દાખલ કરેલ જે હાલ ચાલુ છે. માર્કેટ યાર્ડમાથી ચારેય જણ નવીનભાઈ, અશોકભાઈ, ધૃવભાઈ અને રાજુભાઈ એમ ચારેય જણા ખરીદીમા આવતા હતા. અંશ એન્ટરપ્રાઈઝ અને ગજલક્ષ્મી ટ્રેડર્સની જે ચીઠીઓ આવેલી તે અમે પો.સ્ટે.મા જમા કરાવેલ છે. માર્કેટ યાર્ડના નીયમ મુજબ અંશ એન્ટરપ્રાઈઝ અને ગજલક્ષ્મી ટ્રેડર્સના નામ ઉપર નવીનભાઈ, ધૃવભાઈ અને રાજેશભાઈ ખરીદી કરતા હતા. મારી પાસે ધૃવભાઈના ચેક નથી. માર્કેટ યાર્ડમા કોઈપણ ખેડુત માલ લઈને આવે અને તેનુ વેચાણ થાય તો તેની માર્કેટ યાર્ડના ચોપડે નોંધ થાય, જીરાના માલ ઉપર ૫ ટકા જીએસટી લાગે છે. આ લોકોએ ખરીદી કરેલ તે પૈસા નહી આપવાની ગણતરીએ બીલ વગરના માલમા ખરીદી કરેલ હતી. ચોપડે ન ચડવા અંગે એવી પ્રથા છે કે અમારે માલના ભાવ જે છે તેના કરતા વધુ લેવાના હોય ત્યારે તે ચોપડે ચડતા નથી અને હરરાજીમા આવતા નથી. અમે અશોકભાઈનુ બીલ રૂા.૨૧,૬૮,૦૧૫/–નુ બીલ સાદા કાગળ પર બનાવેલ. આ લોકો કાચા મા જ ખરીદી કરતા હોવાથી અને બીલ બનાવડાવતા ન હતા તેથી જીએસટી કઈ રીતે ભરી શકાય. રૂા.૩,૬૧,૦૦,૦૦૦/– આ તમામે માર્કેટ યાર્ડને ભરપાઈ ન કરીને તેનુ જીએસટી તે તમામે ભરેલ નથી. તમામ વેપારીઓ અમારી સાથે જ છે અને પો.સ્ટે.મા સમયના અભાવે આવી શકેલ ન હતા. વેપારીઓએ મે ઉપરોકત જણાવેલ કારણોસર બીલો રજુ કરેલ નથી પરંતુ ટોટલ રકમ ફરીયાદમા લખાવેલ છે. અશોકભાઈએ માનગઢની પોતાની જમીન ૬૧ વીઘા વેચી અને ૩૧ ટકા લેખે પૈસા વેપારીઓને ચુકવેલ છે.

**આ તબકકે રીશેષ સમય થતા ઉલટ તપાસ મુલતવી.**

**સ્થળઃ– હળવદ.**
**તારીખઃ– ૨૨/૧૨/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

(શરૂ–૦૩:૨૭, પુર્ણ–૦૩:૫૫ )

**ફરી સોગંદ આપ્યા...**

**બચાવપક્ષના સાહેદ મનસુખભાઈ ઓઘડભાઈ પ્રજાપતીની આંક–૮૪ની સરતપાસ લગત ફરીયાદપક્ષે ઉલટ તપાસ વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા.**

(૧) એ વાત ખરી છે કે હું હળવદ માર્કેટ યાર્ડમા પ્રજાપતી ટ્રેડીગ નામની દુકાન નં.૧૪૩ ધરાવુ છુ. એ વાત ખરી છે કે હુ પંદર થી સત્તર વર્ષથી કમીશન એજન્ટ તરીકે વેપાર ધંધો કરુ છુ. એ વાત ખરી છે કે અશોકભાઈ હળવદ માર્કેટ યાર્ડમા અંશ એન્ટરપ્રાઈઝના નામથી દુકાન નં.૩૩થી પેઢી ચલાવે છે. એ વાત ખરી છે કે અંશ એન્ટરપ્રાઈઝ અશોકભાઈએ નીચેનો ભાગ નવીનચંદ્ર રાયચંદભાઈ ઠકકરને ભાડે આપેલો. એ વાત ખરી છે કે આ અંશ એન્ટરપ્રાઈઝ અને ગજલક્ષ્મી ટ્રેડર્સમાંથી ધૃવભાઈ અને રાજુભાઈ અને નવીનભાઈ જણસોની ખરીદી કરવા માટે આવતા હતા. એ વાત ખરી છે કે આ અંશ એન્ટરપ્રાઈઝ અને ગજલક્ષ્મી ટ્રેડર્સ પેઢી અનાજ તથા કઠોળ ટેકસ રહીત ખરીદ કરતા હતા. એ વાત ખરી છે કે મે જણસની લેતીદેતી અંગે ધૃવભાઈ નવીનચંદ્ર વિરૂઘ્ધ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે મે જણસની લેતીદેતી અંગે નવીનચંદ્ર રાયચંદભાઈ વિરૂઘ્ધ પણ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે અશોકભાઈ તથા માર્કેટ યાર્ડના અન્ય વેપારીઓએ નવીનચંદ્ર રાયચંદભાઈ ઉપર ફરીયાદ દાખલ કરેલ અને હળવદ કોર્ટમા ચેક રીટર્ન બાબતની ફરીયાદો દાખલ કરેલ જે ફરીયાદો હાલ પેન્ડીગ છે. એ વાત ખરી છે કે તેમાંથી અમુક કેસોના ચુકાદાઓ આવેલા જે હાલ નામ. જીલ્લા અદાલત–મોરબીખાતે પેન્ડીગ છે. એ વાત ખરી છે કે માર્કેટયાર્ડના અમુક વેપારીઓ સાથે નવીનચંદ્ર રાયચંદભાઈએ નામ. જીલ્લા અદાલત–મોરબીખાતે સમાધાન પણ કરેલ છે. એ વાત ખરી છે કે હળવદ માર્કેટ યાર્ડમાંથી ટેકસેબલ માલ ખરીદી કરી કડી મુકામે ધૃવભાઈ નવીનચંદ્ર ઠકકરની પેઢીમા મોકલતા હતા. એ વાત ખરી નથી કે આ બીલ પેટે ધૃવભાઈ અને નવીનભાઈએ અશોકભાઈને ચેક આપેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નવીનભાઈ અને ધૃવભાઈએ માર્કેટ યાર્ડની ઓફિસમા ચેક જમા કરાવેલા અને ચેક જમા કરાવતી વખતે એમ કહેલ કે ટુંક સમયમા હું બધાને પેમેન્ટ ચુકવી દઈશ. એ વાત ખરી છે કે ધૃવભાઈએ ખરીદેલ ચીજવસ્તુ અશોકભાઈ પાસેથી જેનુ પેમેન્ટ ચુકવી આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અશોકભાઈએ પોતાની માલીકીની

માનગઢની ૬૧ વીઘા જમીન વેચીને તેમાંથી આવેલ રકમથી ૩૧ ટકા રૂપીયા વેપારીઓને ચુકવી આપેલા. એ વાત ખરી છે કે તેમા વેપારીઓ સાથે સમાધાન પણ કરેલુ. એ વાત ખરી છે કે નામ. સેશન્સ કોર્ટમા અશોકભાઈ વિરૂધ્ધ દાખલ કરેલ ફરીયાદમા સમાધાન કરેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અશોકભાઈએ પોતાની માલીકીની માનગઢની ૬૧ વીઘા જમીન વેચીને તેમાંથી આવેલ રકમથી ૩૧ ટકા રૂપીયા વેપારીઓને ચુકવી આપેલા. એ વાત ખરી છે કે ત્રણેય આરોપીઓએ વેપારીઓ સાથે છેતરપીંડી કરેલ છે. એ વાત ખરી છે કે ધૃવભાઈ, નવીનચંદ્ર ભાઈ અને રાજેશભાઈએ એક પણ રૂપીયો ચુકવેલ નથી.

ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૨૨/૧૨/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*